આદિજાતિના ઈસમોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે રૂ.૫.૦૦/- લાખ સુધીની લીધેલ લોન ઉપર ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા બાબતની સને ૨૦૨૦-૨૧ ના વર્ષની રૂ.૯૪.૫૦ લાખની નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નિગમ દ્વારા જણાવેલ શરતો ઉમેરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/ન.બા-૨૫/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮-૦૧-૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૪/૦૮/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ
(૨) ગુ.આ.વિ. નિગમ, ગાંધીનગરનો તા.૧૭/૦૯/૨૦૨૦ નો પત્ર ક્રમાંક : જીટીડીસી-ધિ.વા.-૨૦૨૦-વશી-૧૮૦૧

પ્રસ્તાવના:-

આદિજાતિના ઈસમો પગભર થાય અને પોતાનું જીવન નિર્વાહ સારી રીતે પસાર કરી શકે તે માટે તેઓ બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે રૂ.૫.૦૦/- લાખ સુધીની લોન મેળવે તે લોન ઉપર જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે સબસીડી આપવામાં આવે તો તે લોકોને રાહત મળી શકે તે માટે વંચાણે લીધા ક્રમાંક(૧)ના વિભાગના સમાનાંકી ઠરાવથી સને ૨૦૨૦-૨૧માં નવી બાબત તરીકે વહીવટી મંજુરી આપવામાં આવેલ.વંચાણે લીધા ક્રમાંક(૨)ના કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમના તા.૧૭/૦૯/૨૦૨૦ના પત્રથી આ યોજના અમલમાં મુકવા માટે સને ૨૦૨૦-૨૧માં મંજુર થયેલ નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નિગમ દ્વારા જણાવેલ શરતોનો ઉમેરો કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિના ઈસમોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશનને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે વાર્ષિક એક લાભાર્થીને રૂ.૩૦,૦૦૦/- પ્રમાણે કુલ:૩૦૦ આદિજાતિના ઈસમોને રૂ.૫.૦૦/- લાખ સુધીની લોન મેળવે તે લોન ઉપર જે વ્યાજ હોય તેમાં ૬% ના વ્યાજના દરે વ્યાજ સબસીડી આપવા માટેની રૂ.૯૪.૫૦/- લાખ(અંકે રૂપિયા ચોરાણુ લાખ પચાસ હજાર પુરા)વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના સમાનાંકી ઠરાવથી મંજુર કરવામાં આવેલ નવી બાબતમાં જણાવેલ શરતો ઉપરાંત નીચેની શરતોનો ઉમેરો કરી આથી સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના સમાનાંકી ઠરાવની તમામ શરતો યથાવત રહે છે, તદુપરાંત,
(૨) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.
(૩) સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૨૦-૧૧૮-ઝ.૧ અનુસારની તેમજ વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
(૪) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૫) ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જનજાતિના ઇસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસૂચિત જનજાતિના ઇસમોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

(૬) આ યોજનાનો લાભ ફક્ત અનુસૂચિત જનજાતિના ઇસમોને આપવામાં આવશે. લાભાર્થીએ સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૭) બેંક દ્વારા રૂ.૫.૦૦/-લાખ સુધીની મર્યાદામાં સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશને નક્કી કરેલ ધંધા રોજગારના હેતુઓ માટે લોન સામે સહાય મેળવી શકાશે.

(૮) બેંક દ્વારા મંજૂર થયેલ લોન ઉપર વાર્ષિક ૬% સુધી વ્યાજ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત મળવાપાત્ર થશે. અને તે વધુમાં વધુ વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- સુધી વ્યાજ સહાય મળવાપાત્ર થશે. લોનની રકમના ૬% સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૯) અરજદારે બેંકમાંથી લોન મેળવેલ છે તે મુજબનો પુરાવો ઉક્ત સહાય મેળવવા માટે રજુ કરવાનો રહેશે. તેમજ લોનના હપ્તા નિયમિત ભર્યા અંગેના આધારો રજુ થયેથી વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

(૧૦) સહાયની રકમ લાભાર્થીના ખાતે RTGS થી જમા કરાવવામાં આવશે. અરજદારે કોઈ પણ સંજોગોમાં લોનની રકમ રૂ. ૫.૦૦/- લાખની વાહનની લોન મર્યાદામાં ૬% સુધી જ વ્યાજ સહાય મળવાપાત્ર થશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૬/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ.એ.દેસાઈ)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.